## મુદ્રણકળાના માહિર : રોહિત કોઠારી | મનસુખ સલ્લા



કેટલાક માણસો સાથે સંબંધ થોડાં વર્ષોનો જ હોય, પરંતુ લાગે એવું કે સંબંધ દાયકાઓથી હતો – રોહિત કોઠારી (જ. ૧૫-૭-૧૯૫૯) મારે માટે આવા હતા. હજુ છએક વર્ષ પહેલાં જ અમે પહેલી વાર મળ્યા. સ્વ. અનિલ શાહના લેખોનું મેં સંપાદન કર્યું હતું. તેના મુખપૃષ્ઠ અંગે હું મૂંઝાયેલો હતો. મારી પહોંચ બે પૂંઠાની વચ્ચે. મુખપૃષ્ઠ અંગે કાંઈ જાણું નહિ. રતિભાઈ બોરીસાગરે કહ્યું, 'તમે શારદા મુદ્રણાલયવાળા રોહિત કોઠારીને મળો. તેઓ રસ્તો કાઢી આપશે.' 'પણ હું તેમને ઓળખતો નથી.' બોરીસાગરભાઈ કહે, 'ઓળખાણની જરૂર નથી. મદદરૂપ થવું એ એમનો સ્વભાવ છે.'

હું શારદા મુદ્રણાલયમાં મળવા ગયો. ફાઈલો, હસ્તપ્રતો, પ્રૂફ અને કાગળોથી તેમનું ટેબલ હાંફતું હતું. એ થપ્પા પાછળ એકાદ-બે દિવસની દાઢીના થોડા ધોળા થયેલા વાળવાળા, થનગનાટભર્યા યુવાન ચહેરાએ મને આવકાર્યો. તેઓ ઘડીક કમ્પ્યૂટરમાં જોઈ લે, ઇન્ટરનલ ફોન ઉપર સહકાર્યકરને સૂચના આપે, લેન્ડલાઇન અને મોબાઇલમાં વાત કરતા જાય અને મને સાંભળતા જાય. પહેલી છાપ એ પડી કે આ માણસને ચાર કાન અને આઠ હાથ હોવા જોઈએ, તો એની ઝડપ પ્રમાણે બધાંને પહોંચી વળે. મેં પ્રારંભમાં જ કબૂલી લીધું, 'આમાં મને કશી ગતાગમ નથી. તમે રસ્તો સુઝાડો.' મર્માળુ હસીને કહે, 'સલ્લાસાહેબ, પહેલવહેલું બધાનું આવું જ હોય છે. તમે ભાર ન રાખો.' પછી એકડિયા-બગડિયાના વિદ્યાર્થીને ૧થી ૧૦ના આંક શીખવે એમ મને બધું સમજાવ્યું. વચ્ચે કહે, 'ચા પીઓ છો ને ?' મેં કહ્યું, 'વધુ બેસીશ તો બે વાર પીશ.' તેઓ પ્રસન્ન હસીને કહે, 'આ મને ગમ્યું. ખાદીવાળાની મારી છાપ જુદી ખરી.' પછી બધું કામ થઈ ગયું. આ અમારી પહેલી ઓળખાણ.

જયંત કોઠારી જેવા મૂર્ધન્ય વિદ્વાનના પુત્ર હોવા ઉપરાંતની તેમની પોતાની ઓળખ હતી. ગુજરાતમાં મુદ્રણના જાણકાર ઘણા છે, પરંતુ મુદ્રણકળાના માહિર બહુ થોડા છે. રોહિત કોઠારી તેમાં અગ્રણી ગણાય. મારું પુસ્તક 'અનુભવની એરણ પર' દર્શક ફાઉન્ડેશન દ્વારા પ્રગટ કરવાનું હતું. મેં તો માન્યું કે હસ્તપ્રતની ફાઈલ આપી એટલે બધું આવી ગયું. તેમણે પાનાં ઉપર હાથ ફેરવી સામટા પાંચ-છ પ્રશ્નો પૂછી નાખ્યા. મેં એટલું જ કહ્યું, 'આમાંની મને કાંઈ ખબર નથી.' તો લાક્ષણિક ઢબે માથું હલાવતાં

હલાવતાં, વાત પર ભાર મૂકતા હોય તેમ હાથનાં બધાં આંગળાં ખોલી, હસ્તપ્રતનાં પાનાં ઉપર મૂકી, વળી પાનાં ઉથલાવી કહે, 'એ તો તમારે સમજવું જ પડશે. એની વાચક ઉપર મોટી અસર પડતી હોય છે. જેમકે ફૉન્ટની સાઇઝ. વાચક આસાયેશથી વાંચે એમ ઇચ્છો છો કે મહેનત કરીને અક્ષરો ઉકેલે તેમ આગળ વધે એમ ઇચ્છો છો ?' બધું દૃષ્ટાંત સાથે કહેતા જાય. પુસ્તકની સાઇઝ, માર્જિન, કેટલાં પાનાંનો ફેર પડે (વધે કે ઘટે), વળી સ્ફૂર્તિથી ઊભા થઈ પાંચ-છ પુસ્તકો લાવી સામે ધર્યાં, બધું બતાવે ને સમજાવે. વચ્ચે ધ્રુવપંક્તિ આવ્યા કરે, 'હવે કહો, શું પસંદ કરવું છે ?' ખરી કસોટી મુખપૃષ્ઠમાં થઈ. કહે, 'તમારા પુસ્તકની મુખ્ય વાતો પાંચેક મુદ્દામાં કહો. મેં થોડું વર્ણન કર્યું તો કહે, ચિત્ર આવું હોય, કલર આવો હોય, વચ્ચે પ્રભાતનો આભાસવાળો કલર હોય, પગદંડી હોય...' જાણે ચિત્ર જોઈને બોલતા ન હોય ! હું જોઈ જ રહ્યો. આ સઘળું પ્રથમ વાર જાણતો હતો. મારી મૂંઝવણ કળી જઈ કહે, 'હું ત્રણેક નમૂના તૈયાર કરાવી મોકલીશ. તમે પસંદ કરજો. સૂચન હોય તે કહેજો.' ઊઠતો હતો ત્યાં કહે, 'હવે મૅટરમાં કાંઈ ફેરફાર નથી ને ? તો ફાઈલ પાછી લેતા જાવ. બધું સળંગ તૈયાર કરીને આપજો.' આવી સ્પષ્ટતા એમને ગમે.

પછી અમે મળતા રહ્યા. ખબર ન પડે એમ નિકટ આવતા રહ્યા. મૂળ કામ ઉપરાંતની વાતો પણ થતી રહે. એય જાતભાતની. તાજેતરનો કોઈ લેખ, સાહિત્યિક ઘટના કે પોતે આંદામાનના પ્રવાસ દરમિયાન પાડેલા ફોટાની વાત મંડાય. કામના ઢગલા વચ્ચે તેઓ રસપૂર્વક વાતો કરે. બાળઉછેર, શિક્ષણ, સરકાર, અઘરું ગદ્ય, જૈન મુનિશ્રીઓ, પ્રકાશન-વ્યવસાયની બદલાતી સ્થિતિ – એમ જાતભાતના મુદ્દા નીકળે. તેમના અભિપ્રાયો અહંકારમુક્ત પણ સ્પષ્ટ હોય, વિચારપૂર્ણ હોય. કહી પણ દે, 'મને આમ લાગે છે. બીજાને બીજું પણ લાગે.' આપવડાઈ ક્યાંય નહિ. આત્મપ્રતીતિ ખરી. ખૂણેખાંચરેથી કાંઈ સારું જાણ્યું-વાંચ્યું હોય તો એની વાત ઉમળકાથી કરે. મને યાદ આવે ને પૂછી લઉં, 'આમ કામ વચ્ચે વાતો કરું છું તો તમને ખોટી નથી કરતો ને ?' તેઓ હસતા હસતા કહેતા, 'થોડાક જણ એવા હોય છે જેમની સાથે વાત કરતાં તાજા થઈ જવાય છે. તમને હું એવા ગણું છું. એક રીતે મારું આ કામ એકસુરીલું હોય છે, પણ આવી વાતો કરું ત્યારે તાજગી મળી જાય છે.'

એક વાર મેં જયંતભાઈની વાત કરતાં કહ્યું, 'મારી ભારતીય કાવ્યશાસ્ત્રની વિચારણા સ્પષ્ટ કરવામાં જયંતભાઈનો બહુ મોટો ફાળો છે.' એમાંથી જયંતભાઈના લખાણમાં જે સ્પષ્ટતા અને પારદર્શકતા છે તેની વાત નીકળી. નાહક અઘરું લખતા લેખકોય યાદ આવ્યા. તેઓ કહે, 'ભાઈ (પિતા – જયંતભાઈ) કહેતા, અંદરની પૂરતી સ્પષ્ટતા હોય તો લખાણમાં સ્પષ્ટતા આવે છે.' મેં કહ્યું, 'તમે જયંતભાઈ વિશે લખો – પિતા તરીકે, દાદા તરીકે, અભ્યાસી તરીકે.' તેઓ હસી પડ્યા, 'હું વાત કરી શકું, લખી ન શકું.' પછી જયંતભાઈના મિત્રોનાં સ્મરણો શરૂ થયાં. નટુભાઈ રાજપરા,

જયંતીલાલ દવે, રમણ સોની એમ ઘણાના પ્રસંગો તેમણે કહ્યા. ઘરના જયંતભાઈની એક નવી જ છબી મારી સામે આવી. (મને હતું કે ક્યારેક આ બધું તેમની પાસે લખાવીશ, પણ એ તક ગુમાવી.) મેં જોયું કે રોહિતભાઈની સમજ અને પ્રતીતિઓ વિકસાવવામાં જયંતભાઈનો ઘણો ફાળો છે. તેમનું આ વાક્ય બરાબર યાદ રહ્યું છે, 'ભાઈએ ફરજ પાડ્યા વગર, કેમ જિવાય તે પોતાના જીવનથી અમને શિખવાડ્યું છે.'

મુદ્રણાલયવાળાનું કામ પુસ્તક હસ્તપ્રત પ્રમાણેનું હોય તે જોવાનું. રોહિત કોઠારી એથી વધુ ઊંડું જુએ. 'હૈયે પગલાં તાજાં' નામનું મારું શૈશવનાં સ્મરણોનું પુસ્તક ગુર્જરમાં છપાવાનું હતું. વચ્ચે વચ્ચે તેમના ફોન આવે, 'તમે આવો શબ્દપ્રયોગ કર્યો છે તે બરાબર છે ?' 'બાંગલા શબ્દની જાતિ કઈ ? તમે જરાક તપાસી જોજોને !' ....આ શબ્દનો અર્થ શો થાય ? આવો પ્રયોગ સૌરાષ્ટ્રમાં થાય છે ? પણ બધા અર્થ નહિ સમજે. કૌંસમાં અર્થ મૂકીએ તો કેમ ?' અમે મળ્યા ત્યારે મેં કહ્યું, 'તમે તો બધું મૅટર વાંચો છો ને શું ?' તેઓ હસી પડ્યા, 'રસ પડે તો વચ્ચે વચ્ચે વાંચી લઉં. તમારું લગભગ બધું વાંચ્યું.' પછી કહે, 'એટલે તો તમારા પુસ્તકનાં પ્રૂફ જોવા રાજપરાસાહેબને (રાજકોટ) મોકલ્યાં હતાં. તેમનો અભિપ્રાય સાંભળવો તમને ગમશે. 'પુસ્તક છાપવા જેવું છે. ઊપડશે.' તેઓ સુધારેલાં પ્રૂફ જોઈ જાય, મારાથી સુધારવાની રહી ગયેલી ભૂલ પણ પકડી પાડે. સુધારે. આટલી ઝીણવટ ! મેં આશ્ચર્ય પ્રગટ કર્યું તો કહે, 'લખાણ સરસ હોય તો ભૂલ વિનાનું પણ હોય તે જોવામાં મને રસ પડે છે.' પછી પચાસ વર્ષ પહેલાંનું જીવન અને આજના જીવનની વાત નીકળી. અંતમાં કહે, 'તમારા પુસ્તકનું ટાઇટલ મારા મનમાં બેઠું છે. ત્રણેક નમૂના તૈયાર કરાવીને મોકલીશ.' નમૂના મળ્યા. એક ઉપર પસંદગી ઉતારી હું મળવા ગયો. થોડાં સૂચનો કહ્યાં. તેઓ કહે, 'આ પચાસ વર્ષ પહેલાંનાં સ્મરણો છે, એટલે આ ડાર્ક કલર રાખ્યો છે. ઘરને વધુ સ્પષ્ટ નથી કરવાં. હીંચકો બાળપણનું પ્રતીક છે. ગાડું, પશુ, માણસ ભલે એટલાં નાનાં જ રહે. આમાં સ્પષ્ટતા કરતાં આભાસ મળે એ વધુ અસરકારક લાગશે.' મેં પ્રમાણ્યું કે તેઓ માત્ર છાપનાર નહોતા, કલાની ઊંડી પરખ ધરાવતા હતા.

કેટલીક વાર વ્યક્તિને અમુક વાતો પૂછતાં સંકોચ થાય. ખાસ કરીને તેમના વ્યવસાય અંગે. પરંતુ રોહિતભાઈ સાથે એવો સંબંધ હતો કે પૂછવાની હિંમત કરી. મેં ભૂમિકા આમ બાંધી, 'તમે શારદા મુદ્રણાલયમાં ભલે બેઠા છો, પણ તમે એનાથી તટસ્થ થઈને ઉત્તર આપી શકો તો એક વાત પૂછું.' તેઓ હસી પડ્યા પણ એમની આંખો મને માપી રહી હતી, 'આજે આચાર્ય સલ્લાસાહેબ પરીક્ષા લેવા આવ્યા છે કે શું ?' મેં કહ્યું, 'પરીક્ષા તો મારી છે. તમારે ગાઇડનું કામ કરવાનું છે.' મેં પ્રકાશન અંગે, છાપવાના પુસ્તકની પસંદગી પ્રકાશકો કઈ રીતે કરે છે, પુસ્તક ખપવાના આધારો અંગે તેમને પૂછ્યું. તેમણે ગંભીર થઈને કહ્યું, 'નિર્ણય તો તમારે જ કરવાનો હોય. પણ અત્યારનો ટ્રેન્ડ કેવો છે તે હું કહી શકું.' પછી તેમણે પ્રકાશન-વ્યવસાયની વાસ્તવિક

સ્થિતિ બહુ સંયમિત રીતે સમજાવી. છેલ્લું વાક્ય આવું હતું, 'દરેક પ્રકાશકની કેટલીક મર્યાદા હોય છે. બજારની રુખ બધાએ જોવી પડે છે... બાકીનો નિર્ણય તમારે કરવાનો.' તેમને લાગ્યું હશે કે તેમણે વધુ તટસ્થ થઈને વાત કરી, એટલે હસીને પૂછ્યું, 'ચા પીશો ને ? એ તો ગળી જ હશે !' આટલી અગત્યની વાત વચ્ચે ફોનના ઉત્તરો, સહકાર્યકર કાંઈક બતાવવા આવે તેને માર્ગદર્શન, કોઈને કાંઈ આપવા-મોકલવાનું હોય તે ભારજલ્લા ટેબલ પરથી ખોળવું એ બધું ચાલતું રહ્યું. વાતમાં ક્યાંય ફોદો ન આવ્યો. ત્યારે મને તેમની મેચ્યોરિટીનો ખરો પરિચય થયો.

રોહિત કોઠારી કેમ અનેક લોકોને પોતાના લાગતા હતા ? મુદ્રણકળાની તેમની નિપુણતાને કારણે ? તેમનું માર્ગદર્શન ઉપયોગી છે તેમ અનુભવાતું તેને કારણે ? એ તો હતું જ, પણ મનુષ્ય તરીકે તેઓ ઉમદા અને ખુલ્લા હતા તે મુખ્ય કારણ. મદદરૂપ થવું એ તેમનો સ્વભાવ હતો, તો માણસને ચાહવો, એનામાં રસ લેવો એ સહજ એવી હૃદયવૃત્તિ હતી. જયંતભાઈ પાસેથી વારસામાં મળેલી ઉગ્રતા પણ તેમનામાં હતી, પરંતુ એ મુદ્દાઆધારિત રહેતી. જીવનવ્યવહારોમાં વિવેકઆધારિત પસંદગીઓ હતી. પોતે લખી નહોતા શકતા પણ ઉત્તમની પરખ અને સત્ત્વશીલની કદર હતી. એટલે ૧૦'x૧૨'ના ઓરડામાં બેસીને પણ તેમણે સંબંધનું વર્તુળ ઘણું વિસ્તાર્યું હતું.

મૃત્યુની તેમની ઉંમર નહોતી. તેમની લાક્ષણિકતાઓના ભરપૂર વિકાસની તકે તેમણે આકસ્મિક જીવનલીલા સંકેલી લીધી. પ્રવાસનો તેમને શોખ હતો. ૧૫-૧-૧૨ના રોજ અમૃતસરના પ્રવાસમાંથી જ તેમણે મોટો પ્રવાસ શરૂ કર્યો. રોહિત કોઠારીની ખોટ કેવળ કુટુંબને જ નહિ, કેવળ મનુભાઈ શાહ અને ગૂર્જર પ્રકાશનને નહિ (રમણ સોનીએ સ્મશાનમાં કહ્યું હતું, 'રોહિત શારદા મુદ્રણાલયની કરોડરજ્જુ હતો.) પરંતુ તેમને ઓળખનારા સૌ પરિચિતોને પણ લાગી હશે. સ્મશાનમાં વિવિધ ક્ષેત્રની વ્યક્તિઓને જોતાં આ અનુભવાયું હતું. આવી વ્યક્તિઓની ખોટ – ઘા શિયાળામાં કળે, ઓચિંતો સણકો આવી જાય તેવી હોય છે. રોહિત કોઠારી જલ્દી નહિ ભુલાય.

❐

---

## સાભાર સ્વીકાર

### જીવનચરિત્ર

(૫૧) **અધ્યાત્મનો અનસ્ત સૂર્ય** : તરલા દેસાઈ, ૨૦૧૧, ઇમેજ પબ્લિકેશન પ્રા. લિ., મુંબઈ-અમદાવાદ, ૨૦+૨૩૬, રૂ. ૧૭૫/-

### પ્રવાસ

(૫૨) **યાદગાર પ્રવાસ** : સંપા. સુરેશ દલાલ, ૨૦૧૧, ઇમેજ પબ્લિકેશન પ્રા. લિ., અમદાવાદ-મુંબઈ, ૧૬+૩૬૬, રૂ. ૫૦૦/-